| PUBLICATION NAME : | Divya Bhaskar (City Bhaskar) |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 07/12/2024 |
| PAGE : | 02 |

City ભાસ્કર
Date : 07.12.2024 Page : 02

### EDII ખાતે 'મરીન એગ્રી-આંત્રપ્રિન્યોરશિપ મેનેજમેન્ટ' કાર્યક્રમ યોજાયો

# આંત્રપ્રિન્યોરશિપ નાણાકીય-સામાજિક મૂડી પર આધારિત છે : ડૉ. સુનિલ શુક્લા



**અમદાવાદ :** આંત્રપ્રિન્યોર્સ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા દ્વારા 'મરીન એગ્રી-આંત્રપ્રિન્યોર્સશિપ એન્ડ સપ્લાય ચેઈન મેનેજમેન્ટ' વિષય પર આંતરરાષ્ટ્રીય કાર્યક્રમની શરૂઆત થઈ. જેમાં 14 ITEC દેશોના 23 પાર્ટિસિપન્ટ્સ એક પ્લેટફોર્મ પર આવી દરિયાઈ એગ્રીકલ્ચર અને મેનેજમેન્ટની તક, પડકારોનો અભ્યાસ કરશે.

EDIIના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ આ વિશે વાત કરતા જણાવ્યું કે, 'આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો એજ્યુકેશનને પ્રોત્સાહન આપી રહ્યા છે અને 'વસુધૈવ કુટુંબકમ' સૂત્ર – સમગ્ર વિશ્વ એક પરિવાર છે તે ધારણાને મજબૂત કરી રહ્યા છે. આંત્રપ્રિન્યોરશિપ બે પરિબળો પર આધારિત છે - નાણાકીય મૂડી અને સામાજિક મૂડી જેમાં મુખ્યત્વે હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ અને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ માટે અનુકૂળ વાતાવરણ સામેલ છે. EDII સામાજિક મૂડી, જ્ઞાન અને સ્કિલ વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે જે માર્કેટ અને નેટવર્ક જેવી અન્ય આંત્રપ્રિન્યોરલ જરૂરિયાતો સુધી પહોંચવામાં મદદ કરે છે.'

પ્રોગ્રામના લોકાર્પણ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે વિદેશ મંત્રાલયના એડિશનલ સેક્રેટરી વિરાજ સિંહે હાજરી આપી. તેઓએ કહ્યું કે, 'ભારત આવા કાર્યક્રમો દ્વારા વૈશ્વિક ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. જે સસ્ટેનેબલ ગ્રોથ અને ડેવલપમેન્ટ દર્શાવે છે. ભારતે વિશ્વને તેમની વિકાસયાત્રામાં મદદરૂપ થવા કોલાબ્રેશન કર્યા, જ્યારે અન્ય દેશોએ સ્વતંત્રતા પછીની પોતાની ડેવલપમેન્ટ જર્નીમાં હ્યુમન સોર્સ અને સ્કિલ્સના મહત્ત્વને માન્યતા આપી.'